**આધાર:–** ચેરમેન સાહેબ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કમીટી અને ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કચેરીના નોટીફિકેશન નં. ૪/૨૦૨૧, તારીખ–૦૫/૦૭/૨૦૨૧

---

**<u>ફોજદારી કેસ નંબર: 5010150 / 2016</u>**

**<u>પરવાનગી અરજી અન્વયે હુકમ :–</u>**

સાંભળ્યા, સરકારી વકીલશ્રી ની રજુઆત તથા હાલની આ અરજી વંચાણે લીધી તથા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદના પત્ર ક્રમાક નંબર–ડીસી/ સીટીઝેડ/મેટ્રો કોર્ટ/ લોક અદાલત/ડોરમેન્ટ કેસ પરત/૨૦૨૧, તારીખ–૦૬/૦૭/૨૦૨૧, અન્વયે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી દ્વારા સદર કેસ પરત ખેચવા અંગે મંજુરી આપવામા આવેલ છે જે પત્ર વંચાણે લેવા માં આવેલ છે.

આ કેસ ડોરમેન્ટ ઉપર મુકવામાં આવેલ કેસ છે. આરોપી/ આરોપીઓ ઘણા લાબાં સમયથી મળી આવતા નથી. કેસનુ રેકર્ડ જોતા આરોપી ઉપર પ્રોસેસ કરવા છતા તેઓ ને અદાલતમાં તપાસ કરનાર એજન્સી દ્વારા લાવી શકાયેલ નથી. કેસ જુનો છે વધુ ગંભીર ગુના નો કેસ નથી. રાજ્ય સરકાર દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પરીપત્રો તેમજ નામદાર સુપ્રિમકોર્ટ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના આ બાબતના (કેસ લો ) ધ્યાને લેતા સદર કેસમાં જયારે જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી દ્વારા આ બાબતે લેખીત આદેશ કરવામાં આવેલ છે આ તમામ હકીકતો ધ્યાન સમક્ષ રાખતા ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

**(૧)** ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૩૨૧ અન્વયે અત્રેની અદાલતના ઈન્ચાર્જ સરકારી વકીલશ્રી આ કેસ પરત ખેચવાની પરવાનગી આપી વીડ્રોઅલથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને/ આરોપીઓ ને આ કેસમાં જણાવેલ ગુનામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨) <u>મુદામાલ અંગે</u>**

(૧) બીન કીમતી મુદામાલનો અપીલ સમય પુરો થયેથી ધોરણ સર નીકાલ કરવો.

(૨) મુદામાલ દારુ નો અપીલ સમયબાદ ધોરણસર નીકાલ કરવો.

(૩) આરોપી જો રોકડ જામીન ઉપર છુટેલ હોય કે આરોપી પાસેથી રોકડા નાણા કબ્જે લીધેલ હોય તો અપીલ સમયબાદ નીયમઅનુસાર સરકાર દાખલ કરવા.

(૪) અદાલતે વચગાળાના મુદામાલ અંગે કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમને કાયમ કરવામાં આવે છે.

(૫) કબ્જે લેવાયેલ મુદામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ના હોય અને કબ્જે લેવાયેલા મુદામાલની કીંમત ઉપજી શકે તેમ હોય તો આવો મુદામાલ અપીલ સમય પુરો થયા પછી ધોરણસર નીકાલ લાવી ઉપજેલ નાણા સરકાર દાખલ કરવા.

– ચેરમેનશ્રી વ.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના કચેરી આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીંટીગ નું આયોજન કરવામાં આવેલ છે આથી આ હુકમ આજ રોજ યોજવામાં આવેલ આ સ્પેશીયલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી લખી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

તારીખ:–૧૧–૦૯–૨૦૨૧
સ્થળ :–અમદાવાદ.

(દિલીપસિંહ ભાવસિંહજી ગોહીલ)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૯, અમદાવાદ.
**(GJ00757)**